# ભૂલાદાદા "દાન રત્ન એવોર્ડ થી  સન્માનિત"

# "ભૂલાદાદાનું જીવન એ જ સંદેશ"
# – શ્રી ભીખુભાઈ પટેલ

બારડોલી, તારીખઃ– ૩૧/૧૨/૨૦૧૩

સરદારની કર્મભૂમિ બારડોલીને શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર બનાવનાર બારડોલી પ્રદેશ કેળવણી મંડળ દ્વારા પ્રદેશના દાનવીર ભામાશાઓને સન્માન નું આયોજન માલીબા સંકુલ ખાતે કરવામાં આવ્યું હતું સમારોહના અધ્યક્ષ સ્થાને સહકારી આગેવાન શ્રી દિલિપભાઈના શુભહસ્તે દાતાશ્રી ભૂલાભાઈ પટેલને "દાન રત્ન એવોર્ડ " બારડોલી પ્રદેશની શૈક્ષણિક સંસ્થામાં અભૂતપૂવ આર્થિક યોગદાન બદલ આપવામાં આવ્યો હતો.

શ્રી દાદાનું જીવન ચરિત્ર એક આદર્શ છે. કરકસર યુકત જીવન, સાદગી તેમજ શ્રીમદ્દની અનન્ય ભકિત શ્રી દાદાના જીવનનું લક્ષ્ય છે. ભૂલાભાઈ પરિવાર તરફથી રૂા.૧૧ કરોડના દાનથી માલીબા સંકુલમાં પાંચ કોલેજ શરૂ થઈ છે. તેમજ રૂા. ૪૦ કરોડ કરતાં વધારાના દાન પ્રદેશની શાળા–કોલેજ અને શ્રીમદ્દ મંદિરમાં આપેલ છે. શ્રી ભીખુભાઈ ઝવેરભાઈ પટેલે જણાવ્યું હતું કે "ભૂલાદાદાનું જીવન સંદેશ છે" માલીબા સંકુલ ખાતે દાદાનું ૠણ સ્વીકારતાં  ભૂલાદાદા દંપતિનું પ્રતિમા અનાવરણ તેમના પરિવાર હસ્તે કરવામાં આવ્યું હતું.

ભૂલાદાદા તરફથી માલીબા એન્ડ કોલેજના ઈલેકટ્રોનિકસ વિભાગમાં રૂા. એક કરોડનું દાન આપવામાં આવ્યું છે. શ્રીમદ્દ રાજચંદ્ર કોલેજ ઓફ ફિજિયોથેરાપી માટે પ્રમોદભાઈ પટેલ તેમજ શ્રી અરવિંદભાઈ પટેલ દ્વારા રૂા. ૧.૫ કરોડનો ચેક પણ મંડળને આપવામાં આવ્યો હતો.

શ્રી દિનેશ દેસાઈ દ્વારા દાદા થકી ચલાવવામાં આવતી શ્રીમદ્દ પ્રવૃતિની માહિતી આપવામાં આવી હતી.

દાદાના પોત્ર શ્રી પ્રમોદભાઈ પટેલે મણીબાનો તેમના જીવનમાં મહત્વ સમજાવતાં કહયું હતું કે દાદીમાંએ તેમજ જીવન ઘડતર માટે પરદેશનો ત્યાગ કરી વતનમાં આવ્યાં હતાં દાદીમાંનું ૠણ ચૂકવતાં તેઓ આભારની લાગણી વ્યકત કરી.

પ્રતિમા અનાવરણ પ્રસંગે ઓરો યુનિવર્સિટીના કુલપતિશ્રી એચ.રામા એ પણ યુનિવર્સિટીની આધુનીક સુવિધાથી પ્રભાવિત થઈ, દાદાનું ૠણ સ્વીકારેલ હતું "બારડોલી ખાતે શ્રેષ્ઠ સંકુલ દ્વારા સરદારનું સ્વપ્ન પૂર્ણ થયેલ છે."એમ પ્રખ્યાત આંખના સર્જન શ્રી રશ્મિકાંત ભાઈએ જણાવેલ હતું.

# દાનવીર ભામાશા ભૂલાભાઈ પટેલની પ્રતિમા અનાવરણ સમારોહ

સમારંભના પ્રમુખશ્રી દિલિપભાઈ ભકતે તમામ ઉપસ્થિત દાતાઓનો આભાર વ્યકત કરતાં તન–મન–ધનથી સાથ સહકાર આપવા હાંકલ કરી હતી. ૨૦૧૬થી શરૂ થનાર મેડીકલ કોલેજ પ્રકલ્પમાં આર્થિક સહયોગ માટે વિનંતી કરી હતી. રૂા. ૧૨૫ કરોડના ખર્ચ આગામી બે વર્ષમાં મેડીકલ કોલેજ તેમજ હોસ્પીટલનું આયોજનની વિગતો માનદ્ મંત્રી કિરિટ પટેલ દ્વારા આપવામાં આવી હતી.

ડો.દિનેશ શાહે તેમના વ્યકતવ્યમાં કહયું હતું કે ૫ એકરથી ૧૦૦ એકર જમીન અને એક અભ્યાસથી ૫૩ જેટલા અભ્યાસક્રમો છેલ્લા વર્ષમાં માલીબા સંકુલે સમાજને આપ્યા છે. ૬૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને અભ્યાસ સુવિધા આપતું સંકુલ ૧૦૦૦ જેટલા પરિવારોને રોજગારી માટે નિમિત બન્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મેનેજમેન્ટ વિભાગના ડીનશ્રી પ્રશાંત જોશીએ કર્યુ હતું કાળા માથાના માનવીની સંકલ્પ શકિત અભૂતપૂર્વ સર્જન કરી શકે છે અને ઊકા તરસાડીયા યુનિવર્સિટી સર્જનનું પરિણામ છે.

આ પ્રસંગે પ્રદેશના તમામ સહકારી આગેવાન તેમજ શ્રીમદ્ મુમુક્ષુઓ, દાતાઓ અને માલીબા સંકુલનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહયાં હતા.

# બારડોલી પ્રદેશ કેળવણી મંડળ દ્વારા દાનવીર ભામાશા ભૂલાદાદા "દાન રત્ન એવોર્ડ" થી સન્માનિત